ફોજદારી કેસ નંબરઃ71709–20

**– આંકઃ૧ લગત હુકમ –**

આ કામનાં આરોપી વિરૂદ્ધ પ્રોહી કલમઃ૬૬(૧)(બી),૮૫(૧)(૩) તથા જી.પી.એક્ટની કલમઃ૧૧૦,૧૧૭ ગુન્હા મુજબનુ ચાર્જશીટ રજુ કરવામાં આવેલ છે. પરંતુ આ કામે હાલના આરોપી સામે મુકવામાં આવેલ આક્ષેપીત ગુના સબબ પ્રોહિબીશન એક્ટની કલમઃ૮૫(૧)(૩) તથા જી.પી.એકટની કલમઃ ૧૧૦,૧૧૭ મુજબના ગુના અંગે કોઈ પુરાવો ન હોય જેથી આંકઃ૦૧ લગત હુકમ કરી, આરોપીને સદર ગુનામાંથી બિનતહોમત છોડી મુકવામા આવેલ હોય, જ્યારે હાલના આરોપી સામે પ્રોહીબિશન એક્ટની કલમઃ૬૬ (૧) બી મુજબનો ગુનો બનતો હોય જેથી તે મુજબના ગુનાની પ્લી નોંધવામાં આવેલ છે. જે કામે આરોપી હાજર થતા સદરહૂ ગુન્હો કબુલ કરી પ્રથમ ગુન્હો હોવાનુ તથા ગરીબ કુટુબકબીલાવાળા માણસ હોવાનું જણાવે છે અને ભવિષ્યમાં આવો કે આવા પ્રકારનો ગુન્હો ન કરવાની કોર્ટને બાંહેધરી અને ખાત્રી આપે છે. તેમજ સદરહુ ગુનો ભુલથી થઈ ગયેલ છે. ગુનો કરવાનો કોઈ બદઈરાદો ન હતો. રીઢા ગુનેગાર નથી. ગુનાનુ ફરીવાર પુનરાવર્તન નહિ કરવાની ખાત્રી આપેલ છે. આરોપીની કબુલાત સ્વૈચ્છીક જણાઈ આવે છે.આરોપીની સ્વેચ્છીક ગુના કબુલાત તથા કેસના સંજોગો ધ્યાને લેતા અને સજાની જોગવાઈ અંગેના નામદાર ગુજરાત હાઈકોર્ટના ૨૦૦૫ જી.એલ.આર.પાના નં.૭૦૯ ઉપર પ્રકાશીત ચુકાદાના માર્ગદર્શક સિદ્ધાંતોને ધ્યાનમાં લેતા,આરોપીને ઓછી સજા કરવી ન્યાયોચીત જણાય છે. આરોપીને સુધરવાની તક મળે તે હેતુથી અને કેસના સંજોગોને ધ્યાનમાં લઈ ન્યાયના હિતમાં નિચે મુજબનો આખરી હુકમ કરૂ છુ.

**– હુ ક મ –**

૧. આ કામના આરોપીને ક્રિ.પ્રો.કો.કલમઃ૨૫૨ અન્વયે પ્રોહીબિશન એક્ટની કલમ–૬૬(૧) (બી) મુજબના ગુન્હામાં દોષિત ઠરાવી, સદરહૂ ગુન્હો કરવા બદલ મજકૂર આરોપીને કોર્ટ ઉઠતા સુધીની સજા તથા દંડ રૂા.**૨૦૦/–**(અંકે રૂપીયા **બસો પુરા**) ફરમાવવામાં આવે છે, જો દંડ ન ભરે તો તેને વધુ દિવસ **બે** ની સાદી કેદની સજા ફરમાવવામાં આવે છે.

આ હુકમ આજરોજ સ્પેશ્યલ સીટીંગ અન્વયે ખુલ્લી અદાલતમાં વાંચી, સંભળાવી જાહેર કર્યો.

અમદાવાદ.

તા.૧૧/૦૨/૨૦૨૩.

(રીન્કુ રાજેશ દેસાઈ)
એડી.ચીફ.મેટ્રોપોલીટન મેજિસ્ટ્રેટ, અમદાવાદ
કોર્ટ નંબર–૦૯.
Unique Code No. GJO1089.